મહત્તમ : ૨૯.૮ ડીગ્રી
લઘુતમ : ૧૪.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૯ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરીજનો હજુ ટ્રાફિક સિગ્નલથી ટેવાયા નથી...!!

રેડ સિગ્નલ દરમિયાન ડાબી તરફની લેન પણ રોકીને ઉભા રહી જતા વાહનચાલકોના કારણે ચડભડ સર્જાવાના કિસ્સા : ટ્રાફિક સિગ્નલ લાગ્યા હોવાનું ભુલી જતા વાહનચાલકો રેડલાઈટ જોઈ અચાનક બ્રેક મારે છે જેના કારણે અકસ્માતની શકયતા

ગાંધીનગર, તા.૫

છેલ્લા ૫ વર્ષમાં ગાંધીનગરે નગરમાંથી શહેર બનવા તરફ તેજ ગતિએ દોટ મુકી છે અને તેનો પુરાવો શહેરમાં વધી રહેલો ટ્રાફિક છે. એક સમયે 'ડ્રાઈવર્સ પેરેડાઈઝ' જેવા લાગતા પાટનગરના રાજમાર્ગો પર પણ હવે ટ્રાફિક સિગ્નલ્સ લાગી ગયા છે અને નિયમિત કાર્યરત પણ થઈ ગયા છે. જો કે કોઈ પણ પ્રકારની અડચણ વગર વાહન હંકારવા ટેવાયેલા પાટનગરના વાહનચાલકો હજુ પણ ટ્રાફિક સિગ્નલ્સથી ટેવાયા નથી અને તેના કારણે નાના-મોટા અકસ્માતના ભય સાથે ચાર રસ્તે વારંવાર વાહનચાલકો વચ્ચે ચડભડના કિસ્સા પણ જોવા મળી રહ્યા છે.

શહેરમાં ટ્રાફિક નિયમન માટે કેટલાક ચાર રસ્તા પર ટ્રાફિક સિગ્નલ સીસ્ટમ ચાલુ કરવામાં આવી છે જેને કારણે ખાસ કરીને પીકઅપ અવર્સ દરમિયાન વારંવાર સર્જાતા ટ્રાફિક જામથી છુટકારો મળ્યો છે પરંતુ હજુ મોટા ભાગના વાહનચાલકો ટ્રાફિક સિગ્નલની આદત ના હોવાથી ઘણીવાર સિગ્નલ જોવાનું ચુકી જાય છે અને છેલ્લી ઘડીએ 'રેડલાઈટ' પર નજર પડે એટલે અચાનક બ્રેક મારી બેસે છે. આ કારણે પાછળ આવતા વાહન સાથે ટકકર થવાની શકયતા ઉભી થાય છે. વળી, ચાર રસ્તેથી તમારે જો ડાબી તરફ વળવાનું હોય તો તે માટે રેડ લાઈટ દરમિયાન પણ ગ્રીન સિગ્નલ ચાલુ હોય છે અને તમે ડાબી તરફ વળી શકો છો પરંતુ તમે ડાબી તરફ વળવા જાઓ ત્યારે તમારી લાઈનમાં વાહનો રેડ સિગ્નલમાં જ ઉભા હોય છે જેથી તમે તે તરફ જઈ શકતા નથી તેવી પરિસ્થિતિ વારંવાર સર્જાય છે.

શહેરના માર્ગો સિકસ લેન હોવાથી એક તરફના માર્ગે જે ત્રણ લેન હોય છે તેમાંથી જમણી તરફ વળવા માંગતા વાહનચાલકોએ જમણ લેનમાં, સીધા જવા માંગતા વાહનચાલકોએ વચ્ચેની લેનમાં અને ડાબી તરફ વળવા માંગતા વાહનોએ ડાબી તરફની લેનમાં વાહન હંકારવું તથા સિગ્નલ રેડ હોય ત્યરે તે રીતે ઉભા રહેવું જરુરી હોય છે. આ બાબતથી અજાણ અથવા સિગ્નલ ગ્રીન થાય ત્યારે પહેલા જવા ઈચ્છતા વાહનચાલકો ડાબી તરફી લેન જે રેડ સિગ્નલ દરમિયાન પણ ઓપન હોય છે તે રોકીને ઉભા રહી જાય છે. આ કારણે ખરેખર જેને ડાબી તરફ વળવું છે તેના વાહનચાલકો કારણ વિના અટવાઈ પડે છે અને પેલા વાહનચાલકને હટાવવા કયાં તો સતત હોર્ન વગાડે છે અથવા બોલાચાલી કરે છે. આ પ્રકારના કિસ્સા લગભગ તમામ ચાર રસ્તે જોવા મળી રહ્યા છે. તેથી ડાબી તરફની લેન રોકીને ઉભા રહી જતા વાહનચાલકો પરત્વે દંડનીય કાર્યવાહી થવી જોઈએ તેવી મોટા ભાગના વાહનચાલકોમાં માંગ ઉઠવા પામી રહી છે.

ટ્રાફિક સિગ્નલ કરતા ઈ-મેમોનો વધુ ડર...!!

ગાંધીનગરમાં ટ્રાફિક સિગ્નલ્સ અમુક મુખ્ય ચાર રસ્તા પર જ લગાડાયા છે અને તેમાંથી કેટલાક માત્ર પીકઅપ અવર્સ તેમજ સિલેકટેડ ટાઈમ સ્લોટમાં જ ચલાવાય છે. આ કારણે પણ વાહનચાલકોને ઘણીવાર અંદાજ રહેતો નથી અને ટ્રાફિક સિગ્નલ જોવાનું ચુકી જાય છે. આમ પણ મોટા ભાગના વાહનચાલકો ઈ-મેમો સીસ્ટમના લીધે જ ટ્રાફિક સિગ્નલ્સનું પાલન કરી રહ્યા હોય તેવી સ્થિતિ પણ જોવા મળી રહી છે.

કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૫

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના ઉપક્રમે કોલેજના એસ.સી./એસ.ટી. સેલ અને સીડબલ્યુડીસી અંતર્ગત એસ.સી./એસ.ટી. વિદ્યાર્થીનીઓ માટે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ હતી. શિબિરમાં પેરાલીગલ વોલેન્ટીયર સુધીરભાઈ દેસાઈએ એસ.સી./એસ.ટી. એકટ ૧૯૮૯ ના સુપ્રિમકોર્ટનો ચુકાદો અને ત્યારબાદ કેન્દ્ર સરકારશ્રીએ એક ખાસ વિધેયક પસાર કરીને મૂળ એકટની પુનઃસ્થાપિત કરેલ મૂળ જોગવાઈઓ વિશેની સમજ અને જાગૃતિ ફેલાવવાના હેતુસર વ્યાખ્યાન આપ્યું હતું. આ ઉપરાંત મધુસુદનભાઈ જોષી અને મનસુખભાઈ કોટેચા પણ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના પ્રિ. ડૉ. એમ.એમ. ચૌધરી, એસ.સી./એસ.ટી. સેલના નોડલ ડૉ. વાઘેલા હેમાંગીની અને સીડબલ્યુડીસી સેલના ઓફિસર ડૉ. લીનાબેન સ્વાદિયાનો મહત્વનો ફાળો રહ્યો હતો.

દિકરીએ મૃત પિતાના ચક્ષુનું દાન તથા અંતિમ સંસ્કાર વિધિ કરી

ગાંધીનગર, તા.૫

દિકરા દિકરી એક સમાન માનીને આજના યુગમાં ખાસ તો યુવાનો આગળ વધી રહ્યા છે. પહેલાની માન્યતાઓ અને રૂઢીચુસ્તતાને ભૂલીને સમાનતાને અપનાવી રહ્યા છે ત્યારે ગાંધીનગરના રહેવાસી સુરેશચંદ્ર ક્ષત્રિયનું અવસાન થતા તેમની પુત્રી દ્વારા તેમની અંતિમ સંસ્કાર વિધિ કરવામાં આવી હતી.

ગાંધીનગર સે-૭માં રહેતા ૭૧ વર્ષીય વૃધ્ધ સુરેશચંદ્ર મંગેશ્વર ક્ષત્રિયનું નિધન થતા તેમની દીકરીને તેમના સગાસંબંધીઓ અને સિસિકા આરોગ્ય સમિતિના કન્વીનર ડી.એમ. પરમાર દ્વારા ચક્ષુદાન માટે પ્રેરણા મળતા દીકરી શર્મિલા દ્વારા પિતાનું ચક્ષુદાન કરવામાં આવ્યું હતું. તેમજ તેમના પિતાની પોતે ખભે ખાંધી લીધી હતી તથા અંતિમ વિધિ પણ કરી હતી. આ માટે સિવિલ હોસ્પિટલના તબીબી સેવા વિભાગના ડૉ. વેલુ, ડૉ. ભાર્ગવીએ સેવા આપી હતી. આ ઉપરાંત જુનિયર સિટિઝન કાઉન્સિલના કાર્યકર હિતેષભાઈ એડવોકેટ, રાજુભાઈ વાઘેલાની મદદથી ચક્ષુઓ અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુધી પહોંચાડવામાં આવ્યા હતા.

શર્મિલાબેનના કુટુંબમાં માતા-પિતા અને ભાઈ દરેકનું અવસાન થતા તેઓ નિરાધાર થઈ ગયા છે. સિનિયર સિટિઝન્સ કાઉન્સિલનું ભારત સરકારના નિયમો પ્રમાણે નિરાધાર દિકરીઓને કુટુંબ પેન્શન આપવું જોઈએ તેમ માનવું છે તેમ સિસિકા આરોગ્ય સમિતિના કન્વીનર ડી.એમ. પરમાર દ્વારા જણાવાયું છે.

વિશ્વ મહિલા દિન સંદર્ભે નાટક યોજાયુ

ગાંધીનગર, તા.૫

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ તેમજ જયોતિ મહિલા મંડળના સંયુકત ઉપકમે મંગળવારે વિશ્વ મહિલા દિન પાક્ષિક અંતર્ગત સે-૨૩ કડી સર્વ વિદ્યાલયના ખીમજી વિશ્રામ હોલ ખાતે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી ડૉ. રન્નાદે શાહ લીખીત તેમજ જયશ્રી પરીખ દિગ્દર્શીત નાટક 'કખગ ભકત સુરદાસજી'નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં દેશના વીર જવાન શહીદોને શ્રધ્ધાંજલિ અર્પી સ્વાગત પ્રવચન સ્વાસ્થ્ય સંઘના પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સર્વે નાટય કલાકારોનો પરિચય ચેતના બુચ દ્વારા આપવામાં આવ્યો હતો. આ પ્રસંગને દિપાવવા ગાંધીનગરની અન્ય મહિલા સંસ્થાના પ્રમુખ તેમજ મહિલા અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા તેમજ બંને મહિલા સંસ્થાની બહેનોએ જહેમત ઉઠાવી હતી.

શહેરમાં છવાયો પરીક્ષા પર્વનો માહોલ...!!!

બોર્ડની પરીક્ષાના પરીક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવવા શુભેચ્છકોની દોડાદોડ : સ્ટેશનરી-ગીફટ શોપ્સ પર ઘરાકી વધુ

ગાંધીનગર, તા. ૫

શહેરમાં પરીક્ષા પર્વનો માહોલ છવાઈ ગયો છે કારણ કે ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓનો ગુરૂવારથી પ્રારંભ થઈ રહ્યો છે. એક તરફ પરીક્ષાર્થીઓ તૈયારીઓ કરવામાં વ્યસ્ત બન્યા છે ત્યારે બીજી તરફ તેમને શુભેચ્છા આપવા આવનારા શુભેચ્છકોનો ઘસારો પણ વધી જવા પામ્યો છે. જેના કારણે પરીક્ષાર્થીઓ સાથે વાલીઓ પણ ચિંતા સાથે વ્યસ્ત બન્યા છે. શહેરની સ્ટેશનરી અને ગીફટ શોપ્સ પર પણ બોર્ડની પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે પેન-પેન્શિલ કે તે પ્રકારની અન્ય ગીફટ ખરીદી માટેની ઘરાકીમાં વધારો થવા પામ્યો છે.

છેલ્લાં કેટલાક વર્ષોથી બોર્ડની પરીક્ષાના વિદ્યાર્થીઓને 'બેસ્ટ ઓફ લક' કહેવા તેમના ઘરે જઈ ગીફટ આપી શુભેચ્છા પાઠવવાનો ટ્રેન્ડ ખૂબ વધી ગયેલો જોવા મળી રહ્યો છે. આ ટ્રેન્ડના પગલે જ્યારે બોર્ડની પરીક્ષા નજીક આવે ત્યારે અંતિમ દિવસોમાં વિદ્યાર્થીઓ તેમની તૈયારીઓને આખરી ઓપ આપવામાં વ્યસ્ત બન્યાં હોય છે ત્યારે આવા શુભેચ્છકોની શુભેચ્છા આપવા લાઈનો લાગે છે. વળી, 'ખાલી હાથે ના જવાય' તેવી માનસિકતા સાથે નાની-મોટી શુભેચ્છા ગીફટ જેમાં મોટે ભાગે બોકસ પેકિંગમાં પેન કે પેન્સિલનો સેટ, પાઉચ, રાઈટીંગ પેડ જેવી ચીજવસ્તુઓ આપવામાં આવે છે. એક જ શુભેચ્છકને અનેક વિદ્યાર્થીઓના ઘરે શુભેચ્છા આપવા જવાનું હોય જેમકે પડોશીના સંતાનો, સગા-સંબંધી કે સાથી કર્મચારી અથવા મિત્રોના સંતાનો વગેરેના કારણે તેણે એક સાથે વધુ ગીફટ્સ ખરીદવી પડે છે જેથી સ્ટેશનરી કે ગીફટ શોપ પર આવી ગીફટ્સ ખરીદનારાઓની ભીડ પણ જોવા મળે છે.

શહેરમાં સીબીએસઈની બોર્ડની પરીક્ષાઓ હાલ ચાલુ છે જ્યારે ગુજરાત બોર્ડની પરીક્ષાઓ તા. ૭મી માર્ચથી ચાલુ થઈ રહી છે. શહેરની સરકારી કચેરીઓ સહિત ખાનગી કચેરીઓ, બેન્કો વગેરેમાં પણ અનેક વાલીઓ જેમના સંતાનો બોર્ડની પરીક્ષાઓ આપવાના છે તેમણે રજાઓ મુકી સંતાનોને પરીક્ષાની તૈયારીઓ કરાવવામાં વ્યસ્ત બન્યાં છે.

છેલ્લી ઘડીએ ''આઈએમપી''ની બોલબાલા..!!

બોર્ડની પરીક્ષા માટે આખા વર્ષ દરમ્યાન મહેનત કરનાર વિદ્યાર્થીઓ છેલ્લા સપ્તાહમાં અગત્યના પ્રશ્નો જેને ''આઈએમપી''થી ઓળખવામાં આવે છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવાનું વધુ મુનાસિફ સમજે છે. આથી વિવિધ ટ્યુશન કલાસીસ અથવા ખાસ ફલાણાં કે ઢીંકણા સરે તૈયાર કરેલ આઈએમપી પ્રાપ્ત કરવાના પ્રયાસો પણ વધુ જાય છે જે માટે વાલીઓ પણ દોડાદોડ કરતા જોવા મળે છે.

અસ્થિ વિસર્જન અન્વયે ૧૦મીએ પ્રાર્થના સભા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા ઘણા વર્ષોથી નિઃશુલ્ક અસ્થિ વિસર્જન સેવા ચાલી રહી છે ત્યારે દહેગામના અંતિમધામ ખાતેના સદગતોના અસ્થિ વિસર્જનની સેવા પણ સંસ્થાના વડપણ હેઠળ કરવામાં આવી રહી છે.

સંસ્થાના નિઃસ્વાર્થ સેવક શશીકાંત મળઢા તથા કરસનભાઈ પરમાર તા. ૧૦ માર્ચના રોજ અંતિમધામ ખાતે રાખવામાં આવેલ અસ્થિકુંભ લઈને હરીદ્વાર જશે અને તા. ૧૨ માર્ચના રોજ પહોંચી અસ્થિ વિસર્જન કરશે. આ અસ્થિકુંભની વિદાય અને સદગતોના આત્માઓના માનમાં ૧૦ માર્ચના રોજ સવારે ૯.૧૫ કલાકે સે-૩૦માં આવેલ અંતિમધામ ખાતે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું છે અને જે નગરજનો અંતિમધામ ખાતે ઉપસ્થિત ન રહી શકે તેઓ સવારે ૧૦ કલાકે ગાંધીનગરના રેલવે સ્ટેશન ખાતે ઉપસ્થિત રહી શકે છે તેમ સંસ્થાના પ્રમુખ અરૂણભાઈ બુચ દ્વારા જણાવાયું છે.

જીઈબીની સરકારી શાળામાં બાળ રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૫

જીઈબી સ્થિત સરકારી પ્રાથમિક શાળા ખાતે બાળ રમતોત્સવ યોજાયો હતો. જેમાં ધો-૧ થી ૫ માટે દોરડાકૂદ, જલેબી ખાઉં, લોટ ફુંકણી, લીંબુ ચમચી, સંગીત ખુરશી તથા ધો-૬ થી ૮ માટે કોથળા દોડ, સ્લો સાઈકલ, ત્રીપગી દોડ જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. આ ઉપરાંત વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી અંતર્ગત પી.કે. ચૌધરી આર્ટસ કોલેજના પ્રોફેસર લીનાબેન સ્વાદિયા ઉપસ્થિત રહ્યા હતા તેમણે બાળકોને માતૃભાષાનું મહત્વ સમજાવ્યું હતું. તેમનું શાળા પરિવાર દ્વારા મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. રમતોત્સવમાં ભાગ લેનાર તમામ બાળકોને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા હતા તથા ધો-૮નો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો.

સે-૪ માં ચોરીનો નિષ્ફળ પ્રયાસ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં ઘરફોડ ચોરીની ઘટનાઓ દિન પ્રતિદિન વધવા પામી છે. ઘરફોડને લઈને નગરજનો રાત્રે શાંતિથી સુઈ પણ શકતા નથી. તસ્કરો બિન્દાસ્ત બની ને ઘરમાં ઘુસીને આરામથી ચીજવસ્તુઓ શોધખોળ કરીને લઈ જાય છે. ત્યારે શહેરના સેકટર-૪ માં પણ ચોરીનો નિષ્ફળ પ્રયાસ થયો છે. જેમાં રાત્રીના ૧૧ કલાકના અરસામાં ઘરમાં તાળુ તોડીને ઘુસેલા તસ્કરોએ ઘરમા તમામ ચીજવસ્તુઓ ઈધર ઉધર કરી દીધી હતી. મકાનમાંથી કંઈ કિંમતી ચીજવસ્તુ મળે તે માટે મોટાભાગની તમામ ચીજવસ્તુઓ આમથી તેમ કરી દીધી હતી.પરંતુ ઘરમાંથી કંઈ ના મળતા તસ્કરોને ખાલી હાથે પાછા પરત ફરવાનો વારો આવ્યો હતો. ત્યારે બનાવ અંગે સેકટર-૭ પોલીસને જાણ થતા તાત્કાલીક ઘટના સ્થળે પોલીસ પહોંચી ગઈ હતી.પરંતુ ઘરમાંથી કોઈ પણ સામાન કે ચીજવસ્તુઓની ચોર થઈ ન હોવાથી પોલીસને હાશકારો અનુભવ્યો હતો. બનાવ અંગે સેકટર-૭ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પરંતુ ઘરમાંથી કોઈપણ ચીજવસ્તુ ગઈ ન હોવાથી પોલીસ ફરીયાદ કરવાનું ટાળ્યુ હતુ. તો બીજી તરફ અંતરંગ સુત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ તસ્કરો કાર લઈને આવ્યા હોવાની વાત કોઈએ પોલીસને કરી છે. જો કે પોલીસ આ અંગે કંઈ પણ કહેવા તૈયાર નથી જો કે પોલીસે કાર નંબરના આધારે અંદરખાને તપાસ શરુ કરી હોવાનું પણ કહેવાય છે. જયારે ચોરીના પ્રયાસને પગલે વસાહતીઓમાં ભયનો માહોલ ઉભો થયો છે.

સેકટર-૨૪નો યુવાન ગુમ

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ મથકમાં જાણવાજોગ ફરીયાદ મુજબ વિનોદભાઈ નાનજીભાઈ માલી રહે. બ્લોક નં ડબલડેકર સેકટર-૨૪ ગાંધીનગરના નાનાભાઈ ભરતભાઈ નાનજીભાઈ માલી ઉ.વ.૩૨ ડબલ ડેકર સે-૨૪ ખાતેથી ગત તા.૨૩ ફેબુઆરીના રોજ ૯ વાગ્યાથી પોતાના ઘરેથી મજુરીકામ અર્થે ગયા હતા, ત્યારબાદ તેઓ ગુમ થયેલા છે. ભરત માલી રંગે ઘઉંવર્ણો, મોઢુ લંબગોળ, જેની ઉંચાઈ આશરે ૫ ફુટ ચાર ઈંચ છે તેમજ તેમણે ધો.૧૦ સુધીનો અભ્યાસ કર્યો છે અને આઈટીઆઈનો કોર્ષ કરેલો છે. તે ગુજરાતી અને હીન્દી ભાષા જાણે છે અને નંબરના ચશ્મા પહેરેલ છે. તેણે વાદળી કલરનું જીન્સ પેન્ટ અને સફેદ પટ્ટાવાળુ ટી-શર્ટ પહેરેલ છે. આ યુવાને વિશે કોઈને કંઈ પણ માહિતી મળે તો સેકટર-૨૧ પોલીસ મથકના તપાસ અધિકારી એએસઆઈ મહંમદભાઈ રસુલભાઈને જાણ કરવા જણાવાયું છે.

ગાંધીનગર શહેર પેન્શનર સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની માર્ચ મહિનાની બેઠક તા. ૭ માર્ચના રોજ સાંજે ૫ કલાકે સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સે-૨૨ સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળે યોજાશે. મંત્રી રમણલાલ શ્રીમાળી દ્વારા સંસ્થાના તમામ પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોને બેઠકમાં હાજર રહેવા જણાવાયું છે.

આપણે ત્યાં કહેવત છે કે આરંભે શૂરા. વાર-તહેવારે ઉજવણી તો રંગેચંગે ભકિતભાવપૂર્વક કરવામાં આવે છે પરંતુ જયારે પછી તેના વિસર્જનની વાત આવે ત્યારે તેનો યોગ્ય નિકાલ કે ઉપાય ભાવિકોને મળતો નથી કે સૂઝતો નથી જેથી પ્રદૂષણ તો ફેલાય જ છે અને ભકતજનોની લાગણીને પણ ઠેસ પહોંચે છે. શિવરાત્રી પર્વ નિમિત્તે નગરમાં શિવરાત્રીની ઠેર ઠેર ઉજવણી થઈ હતી. જેમાં સે-૨૬ સ્થિત ગ્રીનસીટીમાં અમરનાથ જેવા જ શિવલિંગને બનાવી તેની પૂજા કરવામાં આવી હતી. પરંતુ બીજા દિવસે તેની કોઈ સંભાળ ન લેવાતા અવ્યવસ્થા સાથે ગંદકી સર્જાઈ હતી.

ચિરવિદાય

- સ્વ. ગજજર જગદીશભાઈ કાન્તીલાલ, ઉ.વ. ૫૩
- સ્વ. દેવજીભાઈ જેણાભાઈ પરમાર, ઉ.વ. ૬૩
- સ્વ. શાહ ભૂપેન્દ્રભાઈ ચીમનલાલ, ઉ.વ. ૬૯
- સ્વ. પટેલ પ્રહલાદભાઈ શાંતિભાઈ, ઉ.વ. ૫૫